# શિક્ષકજીવની કથા – 'મારામાં શિક્ષક જીવે છે'

**બીના વીર**
સી-૧૩, દેવરજ સોસાયટી, સુપર બેકરી પાસે, આજવા રોડ, વડોદરા.
મો. ૯૩૭૭૫૬૧૫૯૨, beenaveer762@gmail.com

વર્ષ ૨૦૧૪માં જ નટવર આહલપરાનું પુસ્તક 'મારામાં શિક્ષક જીવે છે' પ્રકાશિત થયું છે. ૧૧૨ પૃષ્ઠ અને ૧૪૬ નાના-નાના પ્રકરણોમાં વહેંચાયેલ આ પુસ્તકમાં લેખકે શિક્ષક તરીકેના પોતાના સ્મરણોનું આલેખન કર્યું છે. લેખકને જ્યારે ભણવા બેસાડ્યા ત્યારે માથે મુંડન કરાવી કંકુનો સાથિયો કરી હાથમાં શ્રીફળ આપીને શાળાએ મૂક્યા હતા. અને એ દિવસે બાળકોને પતાસાં વહેંચ્યા હતા. મોટા થયા ત્યારે એક વખત સેન્ટરિંગની લોખંડની પ્લેટ ઉપાડતા હાથમાં ફોલ્લાં પડી ગયા હતા ત્યારે પિતાએ એમને ટકોર કરેલી કે , ' જો ભાઈ, ભણજે, નહીંતર આ દશા થશે! ' આ ટકોરની તેમના પર ધારી અસર થઈ.

તેઓએ ચિત્રકામની એલિમેન્ટ્રી ઈન્ટરમીડિયેટ પરીક્ષા પાસ કરી. ભાવનગર અર્બન ડેવલપમેન્ટ, નગરપાલિકા, જિલ્લા પંચાયત, પાણી પુરવઠા વગેરે વિભાગોમાં ઈન્ટરવ્યૂ આપ્યાં. ગુજરાત સરકારના ક્ષાર અંકુશ વિભાગ, ભાવનગરમાં ચાર ટ્રેસરની જગ્યા ભરવાની હતી. જેમાં પાંસઠ ઉમેદવારમાંથી તેમની પસંદગી થઈ. સરકારી નોકરી મળવા છતાં તેમણે શિક્ષણ આપવાનું છોડ્યું નહોતું. કારણ જીવ તો શિક્ષકનો હતો ને! ટેકનિકલ વિષયને લીધે એન્જિનિયરીંગ ડ્રોઈંગ શીખ્યા હોવાથી તેઓ વર્ગખંડમાં કાવ્યપાઠને અનુરૂપ રંગીન ચોકથી બોર્ડ પર ચિત્રો દોરતા. જેથી વિદ્યાર્થીઓ કાવ્ય-પાઠને ઝડપથી સમજી જતાં. કવિતા ગાઈ, ગવડાવીને તેમજ નાટક વિદ્યાર્થીઓ દ્વારા ભજવીને ભણાવતા. તેમના નાટ્ય અભિનયના અનુભવનો લાભ વર્ગખંડમાં હજારો વિદ્યાર્થીઓને મળતો.

આર્થિક રીતે પછાત ધો. ૧૦ તથા ૧૨ના વિદ્યાર્થીઓને તેમણે ફી વિના શિક્ષણ આપ્યું છે. રોજ સાંજે ૬.૪૫થી વીજળી બંધ થઈ જતી ત્યારે વિદ્યાર્થીઓને મીણબત્તીના પ્રકાશમાં પણ ભણાવ્યું છે. જે પણ ઉત્સવ આવે ત્યારે તેના પર નિબંધ લખવાની, વક્તૃત્વ સ્પર્ધા ગોઠવી કે ગીતો ગવડાવી ઉત્સવની ઉજવણી કરતા. મહાન ચરિત્રોની જન્મજયંતીએ એમના જીવનસંદેશને જીવનમાં ઉતારવાની શીખ આપતા. તેમણે વર્ગમાં ક્યારેય કોઈ વિદ્યાર્થીને ટપલી પણ નથી મારી કે ક્યારેય તેમને ઉતારી પાડ્યા નથી. શિસ્તના આગ્રહી ખરા પણ વિદ્યાર્થીઓને પ્રેમથી ભણાવતા હોવાથી શિસ્તના પ્રશ્નો થતાં નહીં. ક્યારેય વિદ્યાર્થીઓને અંગૂઠા પકડાવ્યા નથી કે નથી બેન્ચ ઉપર ઊભા રાખ્યા! વિદ્યાર્થીઓ પાસેથી તેઓ સતત શીખતા રહ્યા છે. આજના શિક્ષકોએ આ અનુસરવા જેવું છે.

૧૯૮૦ના વર્ષમાં કોલેજની સ્પર્ધાઓમાં ભાગ લેવા સાથે લેખકે ઘણાં કાર્યક્રમોનું સંચાલન પણ કર્યું. વળી NSS ની પ્રવૃત્તિ, રક્તદાન કેમ્પ જેવી સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહેલા. જેને લીધે કોલેજના વાર્ષિકોત્સવમાં ભાવનગર યુનિ.ના ઉપકુલપતિ આર.એસ.ત્રિવેદી સાહેબ દ્વારા ૧૯૮૦નો 'બેસ્ટ બોય'નો એવોર્ડ તેમને મળ્યો હતો.

૧૯૮૨ અને ૧૯૮૩ એમ બે વર્ષ સુધી ગઢેચી, વડલા ખાતે પંચાયત સેવાના તાલીમાર્થીઓ માટે નિબંધ, સારલેખન અને પત્રલેખન ઉપરાંત શુદ્ધ જોડણી અને શુદ્ધ ભાષાલેખન તેમજ તેના સિદ્ધાંતો વિષે વ્યાખ્યાન આપ્યા. ૧૯૮૫-૮૬માં ભાવનગર લીઓ ક્લબમાં પ્રમુખપદે સામાજિક, શૈક્ષણિક પ્રવૃત્તિ પણ કરી હતી. કેળવણીના રાષ્ટ્રીય ઋષિઓ ઠક્કરબાપા, નાનાભાઇ ભટ્ટ, ગિજુભાઈ બધેકા, કલ્યાણરાય જોશી, ભાઈકાકા, હરભાઈ ત્રિવેદી, જુગતરામ દવે, પૂ.મોટા, મૂળશંકર મો. ભટ્ટ અને મનુભાઈ પંચોલી 'દર્શક'ના જીવનચરિત્રોએ તેમને પ્રભાવિત કર્યા છે. ભાવનગર શિશુવિહાર સંસ્થાના સ્થાપક પૂ. માનભાઈ ભટ્ટનું વાત્સલ્ય અને માર્ગદર્શન તેમને મળતા રહ્યાં હતાં. તેઓ શામળદાસ આર્ટ્સ કોલેજમાં તખ્તસિંહ પરમાર, ખોડીદાસ પરમાર, દક્ષાબેન પટ્ટણી, વિનોદ જોશી પાસે ભણ્યા હોવાથી તેમનો લાભ પણ મળ્યો.

વર્ગખંડમાંથી જ તેમને ઘણી લઘુકથાઓ, પ્રેરક લેખો અને ચિંતનકથાઓ લખવાના વિચારબીજ પ્રાપ્ત થયાં હતાં. 'કુમાર', 'સમણું', 'પ્રગતિશીલ શિક્ષણ', 'અચલા', 'લોકનિકેતન', 'શ્રી રામકૃષ્ણજ્યોત', 'આદિત્યકિરણ', 'ક્લાસરૂમ ટેકનિક્સ', 'ગરવું ગૂર્જર સાહિત્ય', 'વિદ્યાલય', 'વિશ્વકર્મા વિશ્વ', 'વિશ્વકર્મા જગત' વગેરે જેવા સામયિકોમાં એમની કૃતિઓ પ્રકાશિત થતી. 'નિબંધ વિહાર', 'ખિલખિલાટ', 'આપણે છીએ તો પરીક્ષા છે' વગેરે પોતાના પુસ્તકો વિનામૂલ્યે તેમણે વિદ્યાર્થીઓમાં વહેંચ્યાં છે. રાજકોટમાં માતૃભાષા પ્રત્યેની ખેવના, માતૃભાષા પ્રત્યેનો પ્રેમ જોવા મળે તેવા પ્રયત્નો પણ લેખકે કર્યા છે. માતૃભાષા ગુજરાતીમાં વિદ્યાર્થીઓ વધુ ગુણ મેળવે તે માટે ગુજરાતીમાં વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીનું સન્માન કરવાના હેતુથી શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ સંસ્થાને તેઓએ ભેટ રકમ પણ આપી છે. સરકારના વિભાગોમાં તેમણે માતૃભાષા શિક્ષણ આપ્યું છે. વર્ષ ૨૦૧૩માં 'માતૃભાષા અભિયાન યોજના' અંતર્ગત માતૃભાષા ગુજરાતીના વિશિષ્ટ શિક્ષકોનું સન્માન થયું તેમાં એક નટવર આહલપરા પણ હતા. તેઓએ ઘણાં કાર્યક્રમોનું સંચાલન કર્યું છે, તો સાથે ઘણી સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે પણ તેમને નિમંત્રણ મળતું રહ્યું છે. દિવ્યભાસ્કરના કટારલેખક મનોજ શુક્લ લેખક નટવર આહલપરા વિષે લખે છે–

" જબરું આશ્ચર્ય થાય છે આ માણસ માટે! બી.એડ્.ની કોઈ ડિગ્રી આ માણસ પાસે નથી. અરે! વ્યવસાયે પણ આ માણસ શિક્ષક નથી. આ નોખા- અનોખા માણસની કથા એવી કે અભ્યાસ ટેકનિકલ સ્કૂલમાં કર્યો અને તેના આધારે નિરાંતે રોટલા ખવાય એવી નોકરી ગુજરાત સરકારના નર્મદા અને કલ્પસર વિભાગના

ટેકનિકલ ખાતામાં ટ્રેસર તરીકે મળી. પણ જીવ સાહિત્યનો, શિક્ષણનો, શિક્ષકનો, વળી ગુજરાતી ભાષા પ્રત્યે અપાર પ્રેમ. એટલે સવારના ૧૦.૩૦ પહેલાં અને સાંજે ૬.૩૦ પછી હૃદય માટે કામ કરવાનું. એટલે બન્યું એવું કે ગરીબ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ભણાવવાના. ૩૦ વર્ષ સુધી દરરોજ વિદ્યાર્થીઓને ભાષા શીખવવાની. આ ઉપરાંત ટૂંકી વાર્તા, લઘુકથાઓ, નિબંધસંગ્રહ, શિશુકથા વગેરે વિષયોનાં આઠ પુસ્તકોનું પ્રકાશન પણ કરવાનું, મુશાયરાનું સંચાલન પણ કરવાનું. એટલે કે નટવર આહલપરા નામનો, માંજરી આંખો ધરાવતો, અત્યંત હસમુખો, પ્રેમાળ અને લાગણીશીલ મનુષ્ય પોતાને બહુ પ્રિય નહીં એવા વ્યવસાયને પૂર્ણ ન્યાય આપીને પણ પોતાનું મનગમતું કામ શોધીને તે દ્વારા સુખી થવા અને કરવાના રાજમાર્ગ પર આજદિન સુધી વગર વિઘ્ને દોડ્યો જાય છે. શું છે આનું રહસ્ય? તેનો જવાબ એવો મળે છે કે જીવન પ્રત્યેનો પોઝિટિવ અભિગમ અને ભાગ્ય સામે ખોંખારો ખાવાની ટેવને કારણે નટવર આહલપરા આજે એક ઉત્તમ શિક્ષક, પતિ, પિતા, ઉદ્‌ઘોષક, પ્રેમાળ મિત્ર, પરોપકારી સાથીદાર તથા અજાતશત્રુ તરીકે ઉપસ્યા છે." (મુખપૃષ્ઠ)

આ પુસ્તકમાં શિક્ષક અને શિક્ષણ વિશે નોંધાયેલા વિચારો ધ્યાનાર્હ છે. જેમ કે,

- 'જ્ઞાનરૂપી પાઠ વહેંચવા માટે હું એક શિક્ષક જ બનવાનું પસંદ કરું.'– સ્વામી રામતીર્થ
- 'શિક્ષક તરીકે સફળ થવા માટે ભણવાની ઉત્કટતા હોવી જોઈએ.' – કાકા કાલેલકર
- 'શિક્ષણ અને વિદ્યાર્થી વચ્ચેનો સ્નેહસંબંધ એ શિક્ષણનું સર્વોત્તમ સાધન છે.' –જે. કૃષ્ણમૂર્તિ
- 'શિક્ષકમાં હંમેશા સ્વનિષ્ઠા, પારિવારિક નિષ્ઠા, સામાજિક નિષ્ઠા, રાષ્ટ્રનિષ્ઠા, વૈશ્વિક નિષ્ઠા અને આધ્યાત્મિક નિષ્ઠા હોવી જોઈએ.' – મોરારીબાપુ
- ' સાચો શિક્ષક વર્ગખંડની દીવાલોને ઓગાળી જગતને વર્ગમાં લઈ આવતો હોય છે.' – મનુભાઈ પંચોલી
- 'શિક્ષક સતત શીખતો ના રહે તો એ કદી શીખવી ના શકે.' – રવીન્દ્રનાથ ટાગોર

(પુસ્તક 'મારામાં શિક્ષક જીવે છે'- લે. નટવર આહલપરા, પ્રકા. અવનિકા પ્રકાશન; અમદાવાદ. પ્ર.આ.૨૦૧૪, કિંઃ રૂ.૧૦૦/-, પૃ.૧૧૨)

**શિક્ષણ દર્શન**માટેનું લવાજમ મોકલવાનું સરનામું :-

**શ્રી અરવિંદભાઇ એલ મહેતા**

૫, પ્રીતિ ડુપ્લેક્ષ, આનંદવન કોમ્પલેક્ષ પાસે,

સુભાનપુરા, **વડોદરા- ૩૯૦૦૨૩**

**૧** વર્ષનું લવાજમ –**૧૨૦ રૂ.** ૩ વર્ષનું લવાજમ –**૩૩૦ રૂ.**

**૫** વર્ષનું લવાજમ –**૫૫૦ રૂ.**